HARIVANDANA EDUCATION TRUST

**HARIVANDANA College**
(Affiliated to Saurashtra University)

**તારીખ: ૦૯–૦૮–૨૦૨૨, મંગળવાર**

**તમામ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટે**

# જન્માષ્ટમી નિમિતે રજા અંગેની સૂચના

આથી **હરિવંદના કોલેજના** તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે આગામી દિવસોમાં રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન તથા જન્માષ્ટમી નિમિતે કોલેજમાં **તા. ૧૧–૦૮–૨૦૨૨, ગુરુવાર થી તા. ૨૧–૦૮–૨૦૨૨, રવિવાર સુધી કોલેજમાં રજા જાહેર કરવામાં આવે છે** આથી કોલેજમાં ઉક્ત સમય દરમ્યાન શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. **તા. ૨૨–૦૮–૨૦૨૨,સોમવાર થી કોલેજમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરૂ થશે.** જેની સૌ વિદ્યાર્થીઓ નોંધ લેશો.

# વિદ્યાર્થી જોગ સંદેશ – શુભેચ્છા

વ્હાલા વિદ્યાર્થીઓ,

આવતા દિવસોમાં આપણે સૌ રક્ષાબંધનથી તમામ ઉજવાણીઓમાં હર્ષોલ્લાષ સાથે જોડાવવા આતુર છીએ ત્યારે આ વર્ષે **સ્વાતંત્ર્ય દિન નિમિત્તે** અચૂક આપણે સૌ **આપણા ઘરે તા. ૧૩–૦૮–૨૦૨૨ થી ૧૫–૦૮–૨૦૨૨ સુધી ત્રિરંગો લેહરાવીએ** તથા **૭૫ માં આઝાદીના અમૃત મહોત્સવમાં** આપણે રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈએ તેવી સૌને વિનમ્ર અપીલ કરું છું.

આપણો ભારત દેશ તથા સમગ્ર ભારતીયો ૭૫માં આઝાદીના અમૃત મહોત્સવમાં હર્ષભેર જોડાયા છે ત્યારે સરકારશ્રી તરફથી **વિના મૂલ્યે કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ** આપવાંમાં આવી રહ્યો છે. આપની ઘરથી નજીકના આરોગ્ય કેન્દ્રમાં આપ તથા આપણાં પરિવારમાં જેઓને **કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ** લેવાનો બાકી હોય તો અચૂક પ્રિકોશન ડોઝ લઈ વૈશ્વિક મહામારી સામેની જંગમાં આપણે વધુ મજબૂત થઈએ તે માટે આપને વિનંતી કરું છું.

સાથો સાથ હાલ વર્ષાઋતુની સાર્વત્રિક મેઘમહેર વચ્ચે તમામ જાહેર સ્થળોએ જતી વખતે **માસ્ક અચૂક પહેરીએ તથા સોશિયલ ડિસ્ટન્સના પાલન** સાથે સૌ સુરક્ષિત રહીએ તથા મેઘમહેર વચ્ચે અજાણી નદી, નાળા, તળાવ કે ઝરણા પાસે જવાનું કે ન્હાવાનું જોખમ ના લઈએ તેવી પણ અભ્યર્થના કરું છું.

**આવનાર સમય આપણા સૌ માટે હર્ષોલ્લાષ ભર્યો રહે તથા આપણા સૌના જીવનમાં સુખ , શાંતિ, સલામતી, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અવિરત વરસતી રહે તેવી શુભકામનાઓ સાથે..**

સૌને જય સ્વામિનારાયણ..

**ડૉ. સર્વેશ્વર ચૌહાણ**
**કેમ્પસ ડાઈરેક્ટર, હરિવંદના કોલેજ**